# પત્રક ભાગ – ૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## શુક્રવાર, તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

### ૧૧૯. ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશન

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક સોમવાર, તા.૧૯ મી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ દસ મિનિટે વિધાનસભા મકાનના ચોથા માળે આવેલા શાસક પક્ષના ખંડમાં રાખવામાં આવી છે. આ સભામાં નીચે દર્શાવેલું કામકાજ હાથ ધરવામાં આવશે.

કાર્યસૂચિ (એજન્ડા)

૧ સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩ના રોજ મળેલી ગુ.પા.એ.ની ખાસ સામાન્ય સભાની કાર્યનોંધને મંજૂરી આપવી. ( કાર્યનોંધની નકલ આ સાથે જોડેલી છે.)

૨. ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની કારોબારી સમિતિએ જોઇને મંજૂર રાખેલા સન ૨૦૨૩ના વર્ષમાં એસોસીએશને કરેલી પ્રવૃત્તિઓના અહેવાલને મંજૂરી આપવી. (અહેવાલની નકલ આ સાથે જોડી છે.)

૩. ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની કારોબારી સમિતિએ જોઇને મંજૂર રાખેલા સન ૨૦૨૩ના વર્ષની આવક-જાવકના ઑડિટ થયેલા હિસાબોને મંજૂરી આપવી. ( હિસાબોના પત્રકની નકલ આ સાથે જોડી છે.)

૪. સન ૨૦૨૪-૨૫ના વર્ષ માટે ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની કારોબારી સમિતિ પર સાતથી ઓછા નહિં અને અગિયારથી વધુ નહિં તેટલી સંખ્યામાં સભ્યોની નિયુક્તિ કરવી.

૫. સન ૨૦૨૪-૨૫ના વર્ષ માટે એસોસીએશનના બે માનદ ઑડિટરોની નિમણૂક કરવી.

૬. પ્રમુખશ્રી સૂચવે અથવા તેઓશ્રીની અનુમતિથી રજૂ થાય તેવું કોઇપણ કામકાજ.

આ સભામાં હાજર રહેવા સર્વે માન. સભ્યશ્રીઓને વિનંતી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા

## ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩ ના રોજ મળેલી ખાસ સામાન્ય સભાની કાર્યનોંધ

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩ રોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ સાંજે ૪:૩૦ કલાકે ગુજરાત વિધાનસભાના ચોથા માળે આવેલા શાસક પક્ષના ખંડમાં મળી હતી. તેમાં હાજરીપત્રકમાં દર્શાવ્યા મુજબના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

**પ્રમુખસ્થાન**

એસોસીએશનના પ્રમુખ માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

**સભામાં નીચે જણાવ્યા મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.**

(૧) **સોમવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની બેઠકની કાર્યનોંધ**

સોમવાર, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૩ ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની બેઠકની કાર્યનોંધ અગાઉથી સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવી હોવાથી તેને વાંચી લીધેલી ગણવામાં આવી અને મંજૂર રાખવામાં આવી અને માન. પ્રમુખશ્રીએ તેના પર સંમતિદર્શક સહી કરી.

(૨) **વાર્ષિક અહેવાલ અને આવક-જાવકના હિસાબોના પત્રકની રજૂઆત**

કારોબારી સમિતિએ જોઈને મંજૂર રાખેલો સન ૨૦૨૨ના વર્ષનો એસોસીએશને કરેલી પ્રવૃત્તિઓનો ચોપ્પનમો અહેવાલ અને એસોસીએશનના બે માનદ ઑડિટરશ્રીઓએ ઑડિટ કરેલ તે જ વર્ષની આવક-જાવકના હિસાબોનું પત્રક સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યાં. અહેવાલ અને હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.

અંતમાં માન. પ્રમુખશ્રીએ ઉપસ્થિત સભ્યશ્રીઓએ બેઠકમાં હાજરી આપી તે બદલ તેમનો આભાર માન્યો અને ઉપસ્થિત સભ્યશ્રીઓએ માન. પ્રમુખશ્રીનો આભાર માન્યા બાદ વાર્ષિક સામાન્ય સભાનું કામકાજ સાંજે ૦૫.૦૦ વાગ્યે પૂરું થયું.

માનદ સચિવ　　　　　　　　　　　　　　　　　　　　　　પ્રમુખશ્રી

# ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશન
## સન ૨૦૨૩નો વાર્ષિક અહેવાલ

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનનો સન ૨૦૨૩નો પંચાવનમો અહેવાલ અને એસોસીએશનના માનદ ઑડિટરશ્રીઓએ ઑડિટ કરેલા સન ૨૦૨૩ના વર્ષના આવક-જાવકના હિસાબોનું પત્રક હું રજૂ કરું છું.

### કારોબારી સમિતિની ચૂંટણી

આ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાની બેઠક સોમવાર, તા. ૬ઠ્ઠી માર્ચ ૨૦૨૩ના રોજ માન. અધ્યક્ષશ્રી અને એસોસીએશનના પ્રમુખ શ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે મળી હતી. આ સભામાં સન ૨૦૨૩-૨૪ના વર્ષની કારોબારી સમિતિ પર ૧૧ સભ્યો પસંદ કરવાની સત્તા સર્વાનુમતે માન. પ્રમુખશ્રીને આપવામાં આવી હતી. આ સત્તાની રૂએ માન.પ્રમુખશ્રીએ સન ૨૦૨૩-૨૪ની કારોબારી સમિતિ પર નીચે દર્શાવેલા સભ્યશ્રીઓની નિમણૂંક કરી હતી.

| | | |
|---|---|---|
| ૧. શ્રી શંકરભાઇ ચૌધરી, | પ્રમુખશ્રી | (પદનિમિત્ત) |
| ૨. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, | ઉપપ્રમુખશ્રી | (પદનિમિત્ત) |

### અન્ય સભ્યશ્રીઓ

| | |
|---|---|
| 3. શ્રી કનુભાઇ મોહનલાલ દેસાઇ, | સભ્યશ્રી |
| ૪. શ્રી ઋષિકેશભાઇ ગણેશભાઇ પટેલ , | સભ્યશ્રી |
| ૫. શ્રી રાઘવજીભાઇ હંસરાજભાઇ પટેલ, | સભ્યશ્રી |
| ૬. શ્રી બલવંતસિંહ ચંદનસિંહ રાજપૂત, | સભ્યશ્રી |
| ૭. શ્રી કુંવરજીભાઇ મોહનભાઇ બાવળિયા, | સભ્યશ્રી |
| ૮. શ્રી મૂળુભાઇ હરદાસભાઇ બેરા, | સભ્યશ્રી |
| ૯. ડૉ. કુબેરભાઇ મનસુખભાઇ ડિંડોર, | સભ્યશ્રી |
| ૧૦. શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ બાબરીયા, | સભ્યશ્રી |
| ૧૧. શ્રી પ્રફુલભાઇ છગનભાઇ પાનસેરિયા, | સભ્યશ્રી |
| ૧૨. શ્રી બાળકૃષ્ણ ખંડેરાવ શુકલ, | સભ્યશ્રી |
| ૧૩. ડૉ. તુષારભાઇ ચૌધરી, | સભ્યશ્રી |

સોમાવાર, તા. ૬ ઠ્ઠી માર્ચ ૨૦૨૩ના રોજ મળેલી વાર્ષિક સામાન્ય સભાની બેઠકમાં સન ૨૦૨૩-૨૪ના વર્ષ માટે એસોસીએશનના બે માનદ ઑડિટરોની નિમણૂક કરવાની સત્તા સર્વાનુમતે માન. પ્રમુખશ્રીને આપવામાં આવતાં, માન. પ્રમુખશ્રીએ નીચે દર્શાવેલા બે સભ્યશ્રીઓની સન ૨૦૨૩-૨૪ના વર્ષ માટે માનદ ઑડિટરો તરીકે નિમણૂક કરી હતી.

૧. શ્રી જયદ્રથસિંહજી પરમાર
૨. શ્રી શૈલેષભાઇ પરમાર

*કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશન, મુખ્ય મથક અને કો.પા.એ. ભારત રિજિયનને શાખા સભ્યપદની ચૂકવણી*

કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનના મુખ્ય સચિવાલયને ગુજરાત શાખાની સન ૨૦૨૩ના કેલેન્ડર વર્ષની સભ્યપદની ફી U.K. પાઉન્ડ ૫૭૨૭/- ચૂકવવા માટે રાજ્ય સરકારે તેટલી રકમની ભારતીય ચલણમાં થતી રકમ રૂ. ૫,૬૩,૪૭૦/-ની ગ્રાન્ટ એસોસીએશનને આપી હતી, જે બદલ એસોસીએશન રાજ્ય સરકારનું આભારી છે.

આ ઉપરાંત, કો.પા.એ. ભારત રિજિયનની સન ૨૦૨૨-૨૩ ના વર્ષની શાખા સભ્યપદ ફી પેટે રૂ.૫,૦૦,૦૦૦/- ની ચૂકવણી કો.પા.એ. ભારત રિજિયનને કરવામાં આવી હતી, જેની ગ્રાન્ટ રાજ્ય સરકારે એસોસીએશનને આપી હતી, જે બદલ એસોસીએશન રાજ્ય સરકારનું આભારી છે.

*૯મી કો.પા.એ. ઇન્ડિયા રિજિયન કોન્ફરન્સ, રાજસ્થાન.*

ઉદેપુર, રાજસ્થાન ખાતે તા. ૨૧ - ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૩ દરમિયાન કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીશન ઇન્ડિયા રિજિયનની ૯મી કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં ગુજરત શાખાના પ્રતિનિધિ તરીકે ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરી અને સચિવ શ્રી ડી. એમ. પટેલએ હાજરી આપી હતી.

માન. અધ્યક્ષશ્રીના પ્રવાસનું સમગ્ર ખર્ચ રાજ્ય સરકારે ભોગવ્યું હતું, જે બદ્દલ એસોસીએશન રાજ્ય સરકારનું આભારી છે.

*૬૬મી કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સ, અક્રા, ઘાના.*

અક્રા, ઘાના, ખાતે તા. ૦૨ થી ૦૬ ઑકટોબર, ૨૦૨૩ દરમિયાન કૉમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીશનની ૬૬મી વાર્ષિક કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં ગુજરાત શાખાના ડેલિગેટ તરીકે માન. અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરી તથા નિરીક્ષક તરીકે માન. સભ્ય શ્રી ડૉ. મહેન્દ્રભાઇ પાડલીયા તથા માન. સભ્ય શ્રી જિતુભાઇ ચૌધરીએ હાજરી આપી હતી. ઉક્ત કૉન્ફરન્સમાં ઇન્ડિયા રિજિયન ડેલીગેશનના ડેલીગેશન સચિવ તરીકે ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ શ્રી ડી.એમ.પટેલએ હાજરી આપી હતી. માન. ડેલિગેટશ્રી તથા બે નિરીક્ષકશ્રીઓ અને ડેલીગેશન સચિવના વિદેશ પ્રવાસનું સમગ્ર ખર્ચ રાજ્ય સરકારે ભોગવ્યું હતું, જે બદ્દલ એસોસીએશન રાજ્ય સરકારનું આભારી છે.

*સન ૨૦૨૩ના વર્ષના હિસાબોનું પત્રક*

એસોસીએશનના માનદ ઑડિટરશ્રીઓ માન. સભ્ય શ્રી જયદ્રથસિંહજી પરમાર તથા માન. સભ્ય શ્રી શૈલેષભાઇ પરમારએ ઑડિટ કરીને મંજૂર રાખેલા સન ૨૦૨૩ના વર્ષના આવક-જાવકના હિસાબોનું પત્રક આ સાથે સામેલ છે.

માન. ઉપપ્રમુખશ્રી, માન. કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, માનદ સચિવશ્રી તથા અન્ય માન. સભ્યશ્રીઓએ એસોસીએશનના કામકાજમાં કિંમતી સહાય અને સહકાર આપ્યાં છે, તે બદલ હું સહુનો આભારી છું.

ગુજરાત વિધાનસભા
તા.

પ્રમુખ

# ગુજરાત પાર્લમેન્ટરી એસોસીએશન

## કેલેન્ડર વર્ષ ૨૦૨૩ ની આવક–જાવકના હિસાબોનું પત્રક

| રૂપિયા / પૈસા | આવક | રૂપિયા / પૈસા | જાવક |
|---|---|---|---|
| ૪,૧૬,૫૪૩.૮૨ | ૪,૧૬,૨૬૯.૭૨ ઊઘડતી સિલક | | |
| | ૨૭૪.૧૦ હાથ ઉપરની સિલક | | |
| ૭,૩૧૩.૦૦ | સ્ટેટ બેંકના બચત ખાતામાં જમા થયેલું વ્યાજ. | | |
| | ૩,૬૦૮.૦૦ પ્રથમ ત્રિમાસિક વ્યાજ | | |
| | ૧,૯૭૭.૦૦ દ્વિતીય ત્રિમાસિક વ્યાજ. | | |
| | ૫૨૩.૦૦ તૃતીય ત્રિમાસિક વ્યાજ. | | |
| | ૧,૨૦૫.૦૦ ચતુર્થ ત્રિમાસિક વ્યાજ. | | |
| ૪૪,૭૫૦.૦૦ | ગુ.પા.એ.ના સભ્યપદનું લવાજમ | | |
| ૫,૯૦,૦૦૦.૦૦ | સન ૨૦૨૩ના વર્ષની કો.પા.એ. સેક્રે., લંડન-ને ગુજરાત શાખાની ફી યુ.કે. પાઉન્ડ ૫૭૨૭/- ચુકવવા માટે સરકારશ્રીએ આપેલી ગ્રાન્ટ. | ૫,૬૩,૪૭૦.૨૮ | સન ૨૦૨૩ના વર્ષની કો.પા.એ. સેક્રે., લંડનને ગુજરાત શાખાની ફી **UK** £ ૫૭૨૭/- ઓનલાઇન ટેલિગ્રાફિક ટ્રાન્સફર પધ્ધતિથી ચુકવવાનો ખર્ચ (વાઉ. નં. .....૧.... ) |
| | | | રૂ.૫,૫૯,૧૧૩.૦૦ **UK** £ ૫૭૨૭/-ની ભારતીય ચલણમાં થતી રકમ |
| | | | રૂ.૧,૧૮૦.૦૦ બેંકનો ચાર્જ |
| | | | રૂ. ૫૯૩.૨૮ બેંકનો ચાર્જ |
| | | | રૂ. ૨૫૩૯.૦૦ બેંકનો ચાર્જ |
| | | | રૂ. ૪૫.૦૦ બેંકનો ચાર્જ |
| ૮૪,૩૧૧.૦૦ | સન ૨૦૨૩-૨૪ના વર્ષની કો.પા.એ., ઈન્ડિયા રિજિયનની ગુજરાત શાખાની સભ્યપદ ફી ચુકવવા માટે સરકારશ્રીએ આપેલી ગ્રાન્ટ. | ૫,૦૦,૦૦૦.૦૦ | સન ૨૦૨૩--૨૪ના વર્ષની ઈન્ડિયા રિજિયનની શાખા સભ્યપદ ફીની ચુકવણી કરી. (વાઉ. નં.....૨...... ) |
| ૧૧,૪૨,૯૧૭.૮૨ | સરવાળો આગળ લઈ ગયા | ૧૦,૬૩,૪૭૦.૨૮ | સરવાળો આગળ લઈ ગયા |

| રૂપિયા / પૈસા | આવક | રૂપિયા / પૈસા | જાવક |
|---|---|---|---|
| ૧૧,૪૨,૯૧૭.૮૨ | સરવાળો આગળ લાવ્યા | ૧૦,૬૩,૪૭૦.૨૮ | સરવાળો આગળ લાવ્યા |
| | | ૫૯૦.૦૦ | કો.પા.એ.ની ફી યુ.કે.પાઉન્ડ ૫૭૨૭ માટે 15 સીએ/15સીબી સર્ટિફિકેટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી નિરવ પટેલ & સોસીએટસ પાસેથી મેળવવામાં આવ્યા હતાં. ચાર્ટર્ડ એકાઉ.શ્રીનો ચેક નં. ગુ.પા.એ.ના બચત ખાતાની કે.વાય.સી. થયેલ ન હોઇ બાઉન્સ થતાં ચેક બાઉન્સની પેનલ્ટી પેટે બેન્કે ચાર્જ વસૂલ્યો હતો. (વાઉ.નં. ...૩.....) |
| ૬,૮૯,૭૯૮.૦૦ | ૬૬મી કૉ.પા.કોન્ફ. અક્રા, ઘાના ખાતે તા. ૦૨-૧૦-૨૦૨૩ થી ૦૬-૧૦-૨૦૨૩ દરમિયાન યોજાઇ હતી. ઉક્ત કોન્ફ. માં નિરીક્ષક તરીકે માન. ધારાસભ્ય શ્રી ડો. મહેન્દ્રભાઇ પડલિયા અને માન. શ્રી જિતુભાઇ ચૌધરી ભાગ લેવા ગયા હતાં. ગુ.વિ.સ.નાં સચિવ શ્રી ડી.એમ.પટેલે ઉક્ત કોન્ફ.ના ડેલીગેશન સચિવ તરીકે હાજરી આપી હતી. ત્રણેય મહાનુભાવોના ઉક્ત કોન્ફ.ના વિદેશ પ્રવાસ માટેના વિમાની પ્રવાસભાડાની ચૂકવણી પાર્શ્વનાથ ટ્રાવેલ્સ, અમદાવાદને કરવા માટે સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ મેળવી. | ૬,૮૯,૭૯૮.૦૦ | ૬૬મી કૉ.પા.કોન્ફ. અક્રા, ઘાના ખાતે તા. ૦૨-૧૦-૨૦૨૩ થી ૦૬-૧૦-૨૦૨૩ દરમિયાન યોજાઇ હતી. ઉક્ત કોન્ફ. માં નિરીક્ષક તરીકે માન. ધારાસભ્ય શ્રી ડો. મહેન્દ્રભાઇ પડલિયા અને માન. શ્રી જિતુભાઇ ચૌધરી ભાગ લેવા ગયા હતાં. ગુ.વિ.સ.ના સચિવ શ્રી ડી.એમ.પટેલે ઉક્ત કોન્ફ.ના ડેલીગેશન સચિવ તરીકે હાજરી આપી હતી. ત્રણેય મહાનુભાવોના ઉક્ત કોન્ફ.ના વિદેશ પ્રવાસ માટે કરેલા વિમાની પ્રવાસભાડાની ચૂકવણી પાર્શ્વનાથ ટ્રાવેલ્સ, અમદાવાદને કરી. ( વાઉ નં. .....૪....) |
| ૧૮,૩૨,૭૧૫.૮૨ | સરવાળો આગળ લઈ ગયા | ૧૭,૫૩,૮૫૮.૨૮ | સરવાળો આગળ લઈ ગયા |

| રૂપિયા / પૈસા | આવક | રૂપિયા / પૈસા | જાવક |
|---|---|---|---|
| ૧૮,૩૨,૭૧૫.૮૨ | સરવાળો આગળ લાવ્યા | ૧૭,૫૩,૮૫૮.૨૮ | સરવાળો આગળ લાવ્યા |
| ૨,૮૬,૦૨૧.૦૦ | ૬૬મી કો.પા.કોન્ફ.ના ગુજરાત શાખાના ડેલીગેટ માન. અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના વિમાની પ્રવાસ ભાડાની ચૂકવણી અક્ષર ટ્રાવેલ્સ, ગાંધીનગરને કરવા માટે સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ મેળવી. | ૨,૮૬,૦૨૧.૦૦ | ૬૬મી કો.પા.કોન્ફના ગુજરાત શાખાના ડેલીગેટ માન. અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના વિમાની પ્રવાસ ભાડાની ચૂકવણી અક્ષર ટ્રાવેલ્સ, ગાંધીનગરને કરી. (વાઉ. નં....૫....) |
| ૧,૮૧,૮૭૭.૦૦ | ૬૬મી કો.પા.કોન્ફ., અક્રા, ઘાના ખાતે હાજરી આપવા ગયેલા ગુજરાત શાખાના ડેલીગેટ માન. અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના વિઝા ફીની પરત ચૂકવણી માટે તથા બે નિરીક્ષક માન. ધારાસભ્ય શ્રી ડો. પાડલિયા અને માન. ધારાસભ્ય શ્રી જિતુભાઇ ચૌધરીએ ભરેલી નિરીક્ષક ફી યુ.એસ. ડોલર ૧૦૦૦ ની પરત ચૂકવણી તથા ડો. પાડલીયાએ સ્વખર્ચે લીધેલી યલો ફિવર વેકસીન, એમ તમામ ખર્ચની ચૂકવણી માટે સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ મેળવી. | ૧,૮૧,૮૭૭.૦૦ | ૬૬મી કો.પા.કોન્ફ.ના ગુજરાત શાખાના ડેલીગેટ માન. અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના ઘાના ખાતેના વિદેશ પ્રવાસ માટે તેમના ઓર્ડિનરી પાસપોર્ટ પર વિઝા મેળવ્યાની ફીની ચૂકવણી તથા ૬૬મી કો.પા.કોન્ફના ગુજરાત શાખાના બે નિરીક્ષકશ્રીઓ માન. ડૉ. પાડલીયા તથા માન. શ્રી જિતુભાઇ ચૌધરીએ નિરીક્ષક ફી પેટે યુ.એસ. ડોલર ૧૦૦૦/- × ૨ = $ ૨૦૦૦ સ્વખર્ચે ભર્યા હતા તેમજ ડો. પાડલીયાએ અક્રા, ઘાનાના પ્રવાસ પહેલા જરૂરી યલો ફિવર વેકસીનેશન કરાવ્યું હતુ. આમ, ડેલીગેટશ્રી તથા બન્ને નિરીક્ષકોના નીચે દર્શાવેલા કુલ ખર્ચની ચૂકવણી કરી..<br>રૂ.૧૨,૫૧૩.૦૦ વિઝા ફી માન. અધ્યક્ષશ્રી, ઘાના. (વાઉ.નં. ..૬.)<br>રૂ.૮૪,૨૭૮.૦૦ – નિરીક્ષક ફી ડો. પાડલીયા. (વાઉ.નં...૬...)<br>રૂ. 300.00 – યલો ફિવર વેકસીન ડો.પાડલીયા (વાઉ.નં...૬...)<br>રૂ.૮૪,૭૮૬.૦૦ – નિરીક્ષક ફી શ્રી જિતુભાઇ ચૌધરી (વાઉ.નં....૬..)<br>રૂ.૧, ૮૧, ૮૭૭.૦૦/- કુલ ખર્ચ. |
| ૨૩,૦૦,૬૧૩.૮૨ | સરવાળો આગળ લઈ ગયા | ૨૨,૨૧,૭૫૬.૨૮ | સરવાળો આગળ લઈ ગયા |

| રૂપિયા / પૈસા | આવક | રૂપિયા / પૈસા | જાવક |
|---|---|---|---|
| ૨૩,૦૦,૬૧૩.૮૨ | સરવાળો આગળ લાવ્યા | ૨૨,૨૧,૭૫૬.૨૮ | સરવાળો આગળ લાવ્યા |
| ૨૯,૫૦૦.૦૦ | ૬૬મી કો.પા.કોન્ફ., અક્રા, ઘાના ખાતે હાજરી આપવા જનાર તમામ મહાનુભાવો માટે લોક સભા સચિવાલય દ્વારા નવી દિલ્હી ખાતે તા. ૧૧.૦૯.૨૦૨૩ ના રોજ એક બ્રિફિંગ મિટિંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ઉક્ત બ્રિફિંગ મિટિંગમાં ગુજરાત શાખના નિરીક્ષક માન. ધારાસભ્ય શ્રી જિતુભાઇ ચૌધરી તથા માન. શ્રી ડો. સી.જે.ચાવડાએ હાજરી આપી હતી. તેઓશ્રીના ઉક્ત પ્રવાસ તથા ગરવી ખાતેના રોકાણ પેટે પરત ચૂકવણી કરવાની હોઇ સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ મેળવી. | ૨૯,૫૦૦.૦૦ | ૬૬મી કો.પા.કોન્ફના ગુજરાત શાખાના બે નિરીક્ષક માન. ધારાસભ્ય શ્રી ડો. સી..જે.ચાવડા અને માન. ધારાસભ્ય શ્રી જિતુભાઇ ચૌધરીએ લોકસભા સચિવાલય, નવી દિલ્હી ખાતે યોજાયેલ બ્રિફિંગ મીટિંગમાં હાજરી આપી હતી તેઓશ્રીની નવી દિલ્હીના વિમાની પ્રવાસભાડાની તથા ગરવી ખાતેના કરેલા રોકાણની પરત ચૂકવણી શ્રી ચાવડા અને શ્રી ચૌધરીને કરી. (વાઉ નં.......૭......)<br>રૂ. ૧૨,૫૦૦.૦૦ શ્રી જિતુભાઇ ચૌધરી (વાઉ. નં. ...૭.)<br>રૂ. ૧૭,૦૦૦.૦૦ ડો. શ્રી સી.જે.ચાવડા (વાઉ. નં. ....૭...) |
| ૧,૫૦,૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં નવેમ્બર, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે થાપણ મૂકી. | ૧,૫૦,૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં નવેમ્બર, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે મુકવામાં આવેલી થાપણ Notionally ઉધાર દર્શાવી છે.(વાઉ. નં. ....૮...) |
| ૪,૫૦,૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં જાન્યુઆરી, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે મુકવામાં આવેલી થાપણ Notionally જમા દર્શાવી છે | ૪,૫૦,૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં જાન્યુઆરી, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે મુકવામાં આવેલી થાપણ Notionally ઉધાર દર્શાવી છે. (વાઉ. નં. ....૯...) |
| ૧,૭૫,૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં જુન, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે મુકવામાં આવેલી થાપણ Notionally જમા દર્શાવી છે. | ૧,૭૫,૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં જુન, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે મુકવામાં આવેલી થાપણ Notionally ઉધાર દર્શાવી છે. (વાઉ. નં. ....૧૦...) |
| ૩૧,૦૫,૧૧૩.૮૨ | સરવાળો આગળ લઈ ગયા | ૩૦,૨૬,૨૫૬.૨૮ | સરવાળો આગળ લઈ ગયા |

| રૂપિયા / પૈસા | આવક | રૂપિયા / પૈસા | જાવક |
|---|---|---|---|
| ૩૧,૦૫,૧૧૩.૮૨ | સરવાળો આગળ લાવ્યા | ૩૦,૨૬,૨૫૬.૨૮ | સરવાળો આગળ લાવ્યા |
| ૧,૦૦,૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં જુલાઇ, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે મુકવામાં આવેલી થાપણ Notionally જમા દર્શાવી છે. | ૧,૦૦,૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં જુલાઇ, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે મુકવામાં આવેલી થાપણ Notionally ઉધાર દર્શાવી છે. (વાઉ. નં. ....૧૧...) |
| ૧,૫૦,૦૦૦.૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં ઓક્ટોબર, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે મુકવામાં આવેલી થાપણ Notionally જમા દર્શાવી છે. | ૧,૫૦,૦૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર-માં ઓક્ટોબર, ૨૦૨૨માં બે વર્ષની બાંધી મુદતે મુકવામાં આવેલી થાપણ Notionally ઉધાર દર્શાવી છે. (વાઉ. નં. ...૧૨...) |
| | | ૭૮,૮૫૭.૫૪ | રૂ.૭૮,૫૮૩.૪૪ વર્ષના આખરે બેન્ક ખાતામાં રહેલી સિલક<br>રૂ. ૨૭૪.૧૦ હાથ પર રહેલી સિલક |
| ૩૩,૫૫,૧૧૩.૮૨ | | ૩૩,૫૫,૧૧૩.૮૨ | |

માનદ સચિવશ્રી,
ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશન

માનદ ઑડિટરશ્રી (૧)

માનદ ઑડિટરશ્રી (૨)